**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

19.06.2021/7361

**શ્રી નીતિનભાઈ પટેલ**
**માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી**
**ગુજરાત રાજ્ય**
**ગાંધીનગર**

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer

**વિષય: વેરા સમાધાન યોજનાની મુદત વધારવા અંગે**

માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફથી શુભેચ્છાઓ.

ગુજરાત સરકારના પ્રયત્નોથી રાજ્યમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે અને આંશિક લોકડાઉનમાં છૂટછાટ આપતા રાજયના વેપાંર અને ઉદ્યોગો પહેલાની જેમ કાર્યરત બન્યા છે એ આપણા સૌ માટે મોટા રાહતના સમાચાર છે.

સાહેબશ્રી, આપ જાણો છો એમ GSTના અમલ માટે અગાઉના VAT કાયદા, સેન્ટ્રલ સેલ્સ ટેક્સ ,એન્ટ્રી ટેક્સ ,મોટર વ્હીકલ ટેક્સ વિગેરેના કેસોના નિકાલ માટે વેરા સમાધાન યોજના જાહેર કરવામાં આવેલ છે. રાજ્યમાં લાંબા સમયથી COVID -19 ના કારણે વેપાર- ઉદ્યોગો મર્યાદિત ક્ષમતાથી કાર્યરત છે જેના લીધે એમના નાણાંકીય ભારણમાં વધારો થયેલ છે અને ઘણા વેપારીઓ ટેક્નિકલ ક્ષતિને કારણે નિયત સમયમાં ટેક્સ ભરી શક્યા નથી. તેથી જાન્યુઆરી થી જૂન 2021 દરમિયાન હપ્તા ન ભરી શકનાર વેપારીઓ ના લાભાર્થે બાકી રકમ ભરવા માટે આ યોજનાની મુદ્દત ડિસેમ્બર, 2021 સુધી લંબાવવા વિનંતી છે. આ વેરા સમાધાન યોજનાની મુદત વધારવામાં આવશે તો નાના અને મધ્યમ કદના કરદાતાઓને રાહત મળી રહેશે.

સાહબેશ્રી ,કોરોના મહામારીને ધ્યાનમાં રાખી આ યોજનાની મુદત લંબાવવાની સાથે જો છેલ્લા દોઢ વર્ષમાં કરાયેલા નવા એસેસમેન્ટ ઓર્ડરને પણ આ સ્કીમમાં આવરી લેવામાં આવશે તો વેપારીઓને ઘણી રાહત થશે અને જૂનો રિકવરી બેકલોગ પૂરો થશે તેમજ કોર્ટ લીટીગેશન ઓછા થઇ જશે.

અમને આશા છે કે અમારી વિનંતી ને સંદર્ભે આપશ્રી સકારાત્મક નિર્ણય લેશો અને વેરા સમાધાન યોજનાની મુદતમાં વધારો કરશોજી.

આપના સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org